મોડાસામાં આજે સાંજે ૬ વાગ્યાથી સ્વૈચ્છિક લોકડાઉન

રવિવારે બજારો સંપૂર્ણ બંધ રહેશે, અઠવાડિયા માટે સાંજે ૬ થી સવારે ૬ સુધી લોકડાઉન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સરકાર દ્વારા લોકડાઉનની કોઈ સૂચના અપાઈ નથી પરંતુ કોરોનાનું સંક્રમણ બેલગામ બનતાં વેપારીઓ પણ સંક્રમિત થવાના ભયથી ડરામણા બન્યા છે. મોડાસામાં આજે શનિવારે સાંજે ૬ વાગ્યાથી સ્વૈચ્છિક લોકડાઉનનો વેપારી એશોસીયને નિર્ણય લીધો છે. રવિવારે બજારો સંપૂર્ણ બંધ રહેશે અને સોમવારથી અઠવાડિયા માટે સાંજે ૬ થી સવારે ૬ સુધીનું સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરાયું છે. જિલ્લા મથક હોવાથી મોડાસામાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે અને આગામી દિવસોમાં વધુ ભયાવહ બનવાની સંભાવના છે.

ગત માર્ચથી ૨૦૨૦થી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દેખાયું સતત વધી રહેલા કોરોનાના કેસના કારણે અરવલ્લી જિલ્લામાં પ્રજા અને તંત્રમાં ઉચાટ જોવા મળી રહ્યો છે. દરરોજ કોઈને કોઈ નવા વિસ્તારોમાં કોરોનાનો પગપેસારો ચિંતાજનક છે ત્યારે અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં મોડાસા અન્ય તાલુકા તેમજ રાજસ્થાનના દર્દીઓ અને લોકોની અવર-જવર હોય છે. જેના કારણે મોડાસામાં સંક્રમણમાં છેલ્લા એક પખવાડિયામાં ઉછાળો આવ્યો છે.

મોડાસામાં કોરોના દર્દીઓ માટે મફત ટીફીન સેવા

મોડાસા શહેરમાં કોરોના કેસ વધતાં વેપારીઓએ સ્વૈચ્છિક અને આંશિક લોકડાઉન જાહેર કર્યું છે ત્યારે મોડાસાની અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા કોરોના ધરાવાતા દર્દીઓ માટે તા.૭ એપ્રિલથી ફરીથી ફ્રી ટીફીન સેવા શરૂ કરી છે. આ સેવાનો લાભ હોમકોરન્ટાઈન થયેલા દર્દી અને કોરોના પોઝીટીવ હોય તે દર્દીઓ માટે ચાલુ કરવામાં આવેલ છે. સેવાનો લાભ જેને લેવો હોય તેને અન્નપૂર્ણા ટ્રસ્ટનો સંપર્ક કરવા જણાવાયું છે. ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે ઓક્સિજન સેવા પણ શરૂ કરવામાં આવી છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ૯ ટન ઓક્સિજન મળ્યો, રેમડેસિવિર ઈન્જેક્શનની અછત

દર્દીઓના સગાઓમાં વ્યાપેલો રોષ, અમદાવાદમાં પણ ઈન્જેક્શનની અછત

મોતનો ખોફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોના સંક્રમિત દર્દીઓ અને મોતના કેસમાં ઉછાળો આવ્યો છે. ઓક્સિજનની અછતના પગલે સરકારમાં થયેલ રજુઆત પછી ૯ ટન ઓક્સિજન મળતા રવિવાર સુધી દર્દીઓ અને કોવિડ હોસ્પિટલને સામાન્ય રાહત થશે પરંતુ સતત બીજા દિવસે પણ રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ન ફળવાતાં દર્દીઓના સગાઓમાં રોષ વ્યાપ્યો છે. જિલ્લાની પ્રજા કોરોનામાં સપડાઈ છે ત્યારે એકેય નેતા અવાજ ઉઠાવતા ન હોવાનો રંજ સ્પષ્ટ જોવા મળ્યો છે.

પોશીનાથી સાઠંબા સુધીના વિસ્તારમાં ઠેકઠેકાણે કોરોનાના કેસ સામે આવતા સગાસબંધીઓ પણ નિકટના સ્વજનના ઘેર જવાનું ટાળી રહ્યા છે. જિલ્લાની તમામ ખાનગી હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી હાઉસફુલ થઈ ગઈ છે. મોં માંગ્યા પૈસા આપવા છતાં હોસ્પિટલમાં બેડ મળતાં નથી આ કડવી વાસ્તવિકતા પ્રજા અને તંત્રએ સ્વીકારી પડશે કે કોરોના કેટલી હદે બેલગામ બની ગયો છે. બંને જિલ્લાના ૧૪ તાલુકામાં ૫૦૦૦થી વધુ કોરોના સંક્રમિત દર્દીઓ હોવાની આશંકા છે. આ સંજોગોમાં જિલ્લાની તમામ હોસ્પિટલના બેડ કોરોનાના દર્દી માટે રક્ષિત કરવામાં આવે તો પણ સારવાર શક્ય નથી. જિલ્લામાં અનેક હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત ઉભી થતાં માનવતા નેવે મૂકી દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા જેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ઓક્સિજનની અછત અંગેના અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી તંત્ર ઉપર પસ્તાળ પડી છેવટે અરવલ્લી જિલ્લામાં ૪ ટન અને સાબરકાંઠામાં ૫ ટન મળી કુલ ૯ ટન ઓક્સિજનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે પરંતુ હોસ્પિટલોમાં ઓક્સિજનની માંગમાં ઉછાળો આવતાં રવિવાર સુધી જ ઓક્સિજન ચાલે તેટલો સ્ટોક હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. ઓક્સિજનનો મોટાભાગનો જથ્થો મોડાસા સાર્વજનિક અને હિંમતનગર હોસ્પિટલમાં ઠલવાઈ રહ્યો છે. સરકાર અને આરોગ્ય વિભાગ તાબડતોબ કોરોનાથી અસરગ્રસ્ત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઓક્સિજનનો જથ્થો વધુ નહિ ફાળવે તો અનેક દર્દીઓ ઓક્સિજનની અછતથી ગંભીર બનવાની સાથે મોતના મુખમાં ધકેલાઈ શકે છે. જ્યારે જિલ્લામાં કોરોનાએ દાટ વાળતા દર્દીઓને બચાવા માટે લાઈફ સેવિંગ ગણાતા રેમડેસિવિર ઈન્જેક્શનની તિવ્ર અછતથી હલચલ મચી ગઈ છે. ઈન્જેક્શનની અછતના કારણે કેમિસ્ટો ઉપર અતિગંભીર આક્ષેપ થઈ રહ્યા છે.

૫૦૦ ઈન્જેક્શન ફળવાયા નથી : ડ્રગ્સ ઈન્સ્પેક્ટર

બાયડ : જિલ્લામાં કોવિડની સારવાર લેતા દર્દીઓ માટે છેલ્લા એક સપ્તાહથી રેમડેસિવિર ઈન્જેક્શનની માંગમાં ઉછાળો આવ્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પણ ઈન્જેક્શનની અછત ઉભી થઈ છે. ગત રોજ જિલ્લામાં ૫૦૦ ઈન્જેક્શન ફાળવવાના હતા પરંતુ ફળવાયા નથી. પરંતુ કોઈ તકલીફનું કારણ નથી તેમ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર પાર્થિવ પટેલે જણાવ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં નવા ૧૪૦૦ એક્ટીવ કેસ

બાયડ : ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કોરોના સંક્રમણ બેકાબૂ બની ગયું છે. આવી સ્થિતિ ચાલશે તો મહિનાના અંતમાં ઘેર-ઘેર કોરોના કેસનો વ્યાપ વધવાની દહેશત વધી છે. પાછલા ૨૪ કલા દરમિયાન ઉત્તર ગુજરાતમાં ૧૪૧૩ કોરોના એક્ટીવ કેસ આરોગ્ય વિભાગના દફતરે નોંધાયા છે.

જિલ્લો	એક્ટીવ કેસ(પાછલા ૨૪ કલાકમાં)
પાટણ	૫૮૪
મહેસાણા	૫૦૯
સાબરકાંઠા	૧૩૬
બનાસકાંઠા	૧૨૪
અરવલ્લી	૬૦

ભિલોડા કોરોનાના ભરડામાં આજથી બે દિવસનું સંપૂર્ણ લોકડાઉન

અરવલ્લી જિલ્લાના અનેક તાલુકા મથકો કોરોનાના અજગરી ભરડામાં આવી ગયા છે. કોરોનાનું સંક્રમણ વધતાં ભિલોડા તાલુકામાં પણ ભય વ્યાપ્યો છે. ભિલોડા બજાર એસોસિએશન અને ભિલોડા ગ્રામ પંચાયત દ્વારા બેઠક યોજી કોરોનાના વધતા સંક્રમણ બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આજે શનિવારે તેમજ રવિવારે એમ બે દિવસનું સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. સંપૂર્ણ લોકડાઉન દરમિયાન બંને દિવસે આવશ્યક મેડિકલ સેવા અને દૂધના પાર્લર ખુલ્લા રહેશે.

સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના બોમ્બ ફૂટ્યો, ૧૩૪ લોકોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ

અરવલ્લી આરોગ્ય તંત્રના જવાબદારોએ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ગુરૂવારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના બોમ્બ ફૂટ્યા જેવી સ્થિતિ હતી. અરવલ્લીમાં ૧૦૮ અને સાબરકાંઠામાં ૨૬ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. અરવલ્લી આરોગ્ય તંત્ર દિશાહીન બની જતાં વહીવટી તંત્ર ઉપર પસ્તાળ પડી છે. દિવસ દરમ્યાન જિલ્લામાં કેટલા રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યા તેની વિગતો આપવાથી વિભાગના અધિકારીઓ દૂર ભાગતા હોય તેમ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું છે.

કોરોનાના અતિક્રમણ સામે હવે એકમાત્ર તકેદારી ઉપાય બચ્યો છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્રના ભરોસે બેસી રહેવું કોરોનાગ્રસ્ત દર્દીઓના સગાઓને હવે પાલવે તેમ નથી. ઠેર ઠેર કોરોનાના પોઝિટિવ કેસ સામે આવતા હોવા છતાં લાપરવાહ તંત્ર સાચી વિગતો જણાવવામાં શરમ અનુભવતું હોય તેવું ૮ એપ્રિલે જોવા મળ્યું. જિલ્લાના મોડાસામાં ૫૦, બાયડ ૨૫, ભિલોડા ૧૭, ધનસુરા ૧૦, મેઘરજ ૪ અને માલપુરમાં ૨ લોકોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે સાબરકાંઠામાં હિંમતનગરની શરણમ, શારદાકુંજ, તુલસીપાર્ક, શિવાય, સૂર્યદેવ બંગ્લોઝ, રાજદિપ સોસાયટી, સાકાર સોસાયટી, જલારામ સોસાયટી, સુખસાગર સોસાયટીમાં પોઝિટિવ કેસ નોંધાયા છે. હડીયોલ, વિરપુર, સાચોદર, રામપુર, કાંકણોલ ગામમાં પણ પોઝિટિવ કેસ નોંધાયા છે. ઈડરના કેશરપુરા, મોટાકોટડા, છાપી અને સગુન સોસાયટીમાં ૧-૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. ખેડબ્રહ્માની દેવી સોસાયટી ઉપરાંત પ્રાંતિજના વાઘરોટા, ફતેપુર, ખ્વાજાગરીબ નવાઝ સોસાયટી અને વડાલીના કેસરગંજમાં ૧-૧ પોઝિટિવ કેસ સામે આવ્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

શામળાજી પોલીસે લક્ઝુરિયસ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી, હરિયાણાના ત્રણ શખ્સો ઝડપાયા

પોલીસે વિદેશી દારૂની બોટલ નંગ-૧૯૭ કિ.રૂ. ૨,૩૮,૯૫૦/- તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ ૭૫૦૦/- તથા ગાડી કિ.રૂ ૨,૦૦,૦૦૦/- ની મળી કુલ કિ.રૂ. ૪,૪૬,૪૫૦/- નો મુદ્દામાલ કબજે કર્યો

બાયડ, હિંમતનગર તા.૦૮

શામળાજી પોલીસે ગતરોજ બુધવારે અણસોલ ચેકપોસ્ટ પાસે રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા શંકાસ્પદ વાહનોનાં ચેકીંગ દરમ્યાન હોન્ડા સીટી ગાડી માં વિદેશી દારૂની હેરાફેરી કરનાર હરિયાણાના ત્રણ શખ્સોની અટકાયત કરી વિદેશી દારૂની બોટલ નંગ-૧૯૭ કિ.રૂ. ૨,૩૮,૯૫૦/- તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ ૭૫૦૦/- તથા ગાડી કિ.રૂ ૨,૦૦,૦૦૦/- ની મળી કુલ કિ.રૂ. ૪,૪૬,૪૫૦/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ ઝડપાયેલા ત્રણ આરોપી સહિત વોન્ટેડ આરોપી વિરૂધ્ધ શામળાજી પોલીસ મથકે ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા આપેલી સુચનાના પગલે આજરોજ અણસોલ ચેક પોસ્ટ ઉપર શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ તથા ફરજ

ઉપરના પોલીસ સ્ટાફના માણસો રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરતા હતા તે દરમ્યાન હોન્ડા સીટી કંપનીની ગાડી નં. ઢ્ન૪ઝછમ૯૬૯૪નો ચાલક તથા અન્ય ત્રણ શખ્સો હોન્ડા સીટી ગાડીમાં વચ્ચેની પાછળની શીટની પાછળ અન્ય રાજ્યમાંથી પરીવહન કરી વિદેશી દારૂની બોટલ નંગ-૧૯૭ જેની કિ.૨,૩૮,૯૫૦/-નો તથા તથા મોબાઈલ નંગ-૪ કિ. ૭૫૦૦/- તથા હોન્ડા સીટી કંપનીની ગાડીની કિ.રૂ ૨,૦૦,૦૦૦/- ની મળી કુલ કિ.રૂ. ૪,૪૬,૪૫૦/-નોમોટોપ્રોહીનોજથ્થો ભરી લઈ આવતા ચાર પૈકી ત્રણ શખ્સો પકડાઈ ગયા હતા જ્યારે અન્ય એક ફરાર થઈ ગયો હતો જે બાબતે સદર હોન્ડા સીટી ગાડીના ચાલક લક્ષ્મીનારાયણ સ/ઓ શ્રીરમેશકુમાર શ્રીદુલીચંદ જાતે.નાઈ રહે. ૭૭૨ વોર્ડ નં.૭ પ્રધાનનો મોહલ્લો રોહતક (હરીયાણા) તથા તેની સાથેના મનોજકુમાર ઉર્ફે પપ્પી સ/ઓ શ્રીરામજસ શ્રીસઙ્કનરામ અરોરા રહે. મકાન નં.૮૦૫ વોર્ડ નં.૬ પ્રતાપ મહોલ્લા રોહતક (હરીયાણા) તથા અનીલકુમાર સ/ઓ વિજયસિંધ છજુરામ રાજપુત ઉ.વ. ૪૨ રહે.મકાન નં.૬૧ વોર્ડ નં.૩૪ આજાદનગર ડબલ ફાટક રોહતક (હરીયાણા) તથા વોન્ટેડ ઈસમો વિરૂધ્ધ શામળાજી પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો રજીસ્ટર કરી આ કામે પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આગ ફૂંકતો ઉનાળો : જિલ્લાના જંગલ વિસ્તારામાં પીવાના પાણી માટે વન્ય પ્રાણીઓને વલખાં

વનવિભાગ પાણીની કુંડીઓ ભરે તેવી જીવદયાપ્રેમીઓની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ઉનાળો આગ ફૂંકવા લાગ્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાળઝાળ ગરમીથી પીવાના પાણીના કુદરતી સ્રોત ઘટવા લાગ્યા છે. ખાસ કરીને જંગલમાં વહેતાં ઝરણાં તેમજ જંગલ વિસ્તાર નજીકના ચેકડેમ સુકાતા વન્ય પ્રાણીઓ પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે. જંગલ વિસ્તારમાં પીવાનું પાણી મળતું ન હોવાથી જંગલી પ્રાણીઓ તરસ છીપાવા માટે માનવવસ્તી તરફ દોડવા લાગ્યા છે. વનવિભાગ જંગલ વિસ્તારમાં પાણીની કુંડીઓ ભરાવે તેવી માંગ જીવદયા પ્રેમીઓ દ્વારા કરવામાં આવી છે.

કાળા માથાના માનવીને પીવાના પાણીની મુશ્કેલી ન સતાવે તે માટે વહિવટી તંત્ર દ્વારા આગોતરા આયોજનો કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં નવા હેન્ડપંપ તેમજ બોર બનાવી પાણીની મુશ્કેલી નિવારવા તંત્ર કામે લાગ્યું છે પરંતુ જિલ્લાના જંગલ વિસ્તારોમાં અસહ્ય ગરમીમાં તરસથી વલખાં મારતાં વન્યજીવોની સગવડને નજર અંદાજ કરવામાં આવી છે. જંગલ વિસ્તારમાં નદી-તળાવ,ચેકડેમ અને પાણીના કુદરતી સ્રોત આગ ફૂંકતા ઉનાળામાં સૂકાયા છે જેના કારણે બંને જિલ્લાના જંગલમાં વસવાટ કરતાં દિપડા, નીલગાય, ચોસીંગા, શિયાળ, જરખ, રીંછ, કીડીખાઉં અને સસલાં સહિતના વન્ય પ્રાણીઓને પીવાના પાણી માટે રઝડપાટ કરવી પડે તેવી સ્થિતિ છે. રાજયનો વન વિભાગ ગીરના જંગલ વિસ્તારમાં પ્રાણીઓ માટે ઉનાળામાં પાણીની કુંડીઓ ગોઠવી શકે છે પરંતુ અન્ય જંગલ વિસ્તારમાં આ પ્રકારની કોઈ કામગીર થતી જ ન હોવાથી ઉનાળો શરૂ થાય એટલે પાણીની શોધમાં વન્ય પ્રાણીઓ માનવવસ્તીમાં દોડતાં હોય છે.

ઝાંઝરી મંદિર તેમજ ધોધ પર પર્યટકોના પ્રવેશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ

બાયડ તા.૯

ચાલુ વર્ષે બાયડ તાલુકાના ઝાંઝરી મંદિર ખાતે આવેલ ધોધ જોવા માટે અરવલ્લી જિલ્લા તેમજ અમદાવાદ,ગાંધીનગર, વડોદરા, મહેસાણા,સાબરકાંઠા જિલ્લાના

પર્યટકો ધોધ જોવા તેમજ સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં વ્યકિતઓ આવે છે હાલમાં ગુજરાત રાજયમાં તેમજ અરવલ્લી જિલ્લામાં કોરાનુ સંક્રમણ વધી રહયું છે.આ પ્રવૃત્તિઓ કે જે આરોગ્ય માટે હાનીકારક છે તેમજ કોરોના સંક્રમણ ફેલાવવાની દહેશત રહેલ છે જેથી જાહેર હીતમાં આવી પ્રવૃત્તિ અટકાવવા સાવચેતીના પગલાં ભરવા જરૂરી હોઇ તેમજ સ્વચ્છ પાણી અને ખોરાકની સગવડ માટે અને કોરોના જેવા ચેપી રોગચાળા વાળા માણસોથી બચવા તથા રોગ ન થવા દેવા અથવા તેનો ફેલાવો અટકાવવાના પગલાં ભરવા અરવલ્લી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમૃતેશ ઔરંગાબાદકર મોડાસા સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૪૩ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિત હુકમ જાહેર કરેલ છે.

ઝાંઝરી મંદિર તથા ઝાંઝરી ખાતે આવેલ ધોધ ખાતે આવનાર દરેક વ્યકિતઓને ગુજરાત રાજયમાં તેમજ અરવલ્લી જિલ્લામાં કોરોનાનુ સંક્રમણ વધી રહયું છે આ પ્રવૃત્તિઓ કે જે આરોગ્ય માટે હાનીકારક છે જેથી જાહેર હિતમાં ધ્યાનમાં રાખીને આવી પ્રવૃત્તિઓ અટકાવવા જિલ્લાનાબાયડ ખાતે આવેલ ઝાંઝરી મંદિર તેમજ ધોધ પર પર્યટકોના પ્રવેશ ઉપર બીજો કોઇ આદેશ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવેલ છે.

આ આદેશનો કોઇ પણ વ્યકિત ભંગ કરશે તો ગુજરાત પોલીસ ધારાની કલમ-૧૩૯ મુજબ ત્રણ માસની સજા અગર રૂ. ૨૦૦/-(બસ્સો પુરા) સુધીના દંડ અગર બંને પ્રકારની સજાને પાત્ર થશે.

ઉત્તર ગુજરાતમાં પણ કોરોનાના ઈન્જેક્શનની ભારે અછત

ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં વધતાં જતા કોરોના કહેરની વચ્ચે રેમડેસિવિર ઈન્જેક્શનની અછત સર્જાતાં દોડધામની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લાં કેટલાંક દિવસોથી ઉત્તર ગુજરાતમાં કોરોનાના કેસોમાં ભારે ઉછાળો આવ્યો હોઈ દરરોજ ૧૫૦ ઉપર કેસો આવી રહ્યા છે. આ તરફ હવે અચાનક રેમડેસિવિર ઈન્જેક્શનની અછત સર્જાતા દર્દીના સગાવહાલાઓ ઈન્જેક્શન લેવા માટે દોડધામ કરી રહ્યા છે. આ સાથે દર્દીઓના પરિવારજનો તો ડબલ ભાવે પણ ઈન્જેક્શન લેવા માટે તૈયાર છે જેથી અનેક છેક અમદાવાદ સુધી લાંબા થઈ રહ્યા છે. રાજ્યમાં વધતાં કોરોના કહેર વચ્ચે દરરોજ કેસોની સંખ્યામાં વિસ્ફોટ થઈ રહ્યો છે. આ તરફ કોરોનાની સારવારમાં અસરકારક રેમડેસિવિર ઈન્જેક્શનની અચાનક અછત સર્જાઈ છે.

સાબરકાંઠા-અરવલ્લીના યાર્ડોમાં ખેડૂતોને ટેકાનો ઘઉંનો ઓછા ભાવ મળતાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી એજન્સી મારફતે શરૂ કરવામાં આવી છે પરંતુ છેલ્લા ૪-૫ દિવસથી ટેકાના ભાવ કરતાં પણ ઓછા ભાવ મળતાં ખેડૂતોમાં રોષ વ્યાપ્યો છે. ખાનગી વેપારીઓ મનમાની ઉપર ઉતરી આવી ચેઈન બનાવી હોય તેમ ખેડૂતો પાસેથી ઓછા ભાવે ઘઉં ખરીદવાની પેરવી શરૂ કરતાં સ્થિતી વણસી રહી છે. જ્યારે વેપારીઓ પ્રજાને ઘઉં ઉંચા ભાવે વેચી માતબર નફો ખંખેરી રહ્યા છે.

આ વર્ષે શિયાળાની મેરેથોન ઈનિંગ અને સિંચાઈ માટે ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી મળતાં બંને જિલ્લામાં ૧.૧૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ઘઉંનું વાવેતર થયું હતું. બમ્પર ઉત્પાદનથી ખેડૂતો હરખાયા, સરકારે ૧૯૮૫ રૂા.ના ટેકાના ભાવથી ખરીદી શરૂ કરી. શરૂઆતમાં માર્કેટ યાર્ડોમાં ખેડૂતોને પોષણક્ષમથી વધુ ભાવ મળતાં ખુશાલી જોવા મળી પરંતુ

ત્યાર બાદ યાર્ડોમાં અને ખાનગી વેપારીઓને ત્યાં મોટા જથ્થામાં ઘઉં ઠલવાતાં એકાએક ભાવ ગગડવા લાગ્યો. ખેડૂતોએ મોંઘાદાટ બિયારણ, ડિઝલ, ખેતમજુરીનો ખર્ચ ઉઠાવ્યો તે જોતાં ૨૦ કિ.ગ્રા. ઘઉં દીઠ રૂા.૫૦૦નો ભાવ આપવામાં આવે તો પણ ખેડૂતોને પરવડે તેમ નથી. ત્યારે સરકાર દ્વારા નિયુક્ત એજન્સી ખેડૂતોને ૨૦ કિ.ગ્રા. ઘઉં રૂા.૩૯૫ના ભાવે ખરીદે છે. ખેડૂતોએ બજારમાં વેચેલા ઘઉં અન્ય પ્રજાજનો ઘઉંની સીઝનમાં ભરવા ઈચ્છતા હોય તો રૂા.૪૦૦-૪૮૦ના ભાવે વેચાય છે. જેનો મતલબ એ થયો કે ખેડૂતોને અને ખરીદનાર બંને લૂંટાઈ રહ્યા છે ત્યારે ખેડૂતોને યોગ્ય પોષણક્ષમ ભાવ મળે તે દિશામાં રાજ્ય સરકારે વિચારવું જોઈએ અન્યથા ખેડૂતો પાયમાલ થઈ જશે. તાજેતરમાં ઈફ્કો દ્વારા ખાતરના ભાવમાં સરેરાશ પર ટકા વધારો ઝીંકાયો છે.